| | | |
|---|---|---|
| Innovation ID | **DTP0010000002765** | **Sr No : 1** |

| | |
|---|---|
| Innovation Title | રીંગણ (Solanum melongena)માં ગરોઈના રોગના નિયંત્રણ માટે |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | lok (૪) ૩, May– Jun– ૧૯૯૯, Pg No. ૫ |
| Brief | રીંગણ (Solanum melongena)માં ગરોઈના રોગના નિયંત્રણ માટે કુવાર પાઠા (Aloe vera)ના પાનનો ઉપયોગ |
| Detail | રીંગણ (Solanum melongena)માં ગરોઈ નામનો રોગ લાગવાથી રીંગણા સડી જાય છે અને છોડ સૂકાવા લાગે છે. છોડને આ રોગથી બચાવવા જૂનાગઢ જીલ્લાના માંગરોળ તાલુકાના શીલ ગામના નારાયણભાઈ આર ચુડાસમા કુવાર પાઠાનો ઉપયોગ કરે છે. એક લીટર પાણીમાં સાત થી આઠ કુવાર પાઠાના (Alove vera) ના પાનને છૂંદી નાંખવામાં આવે છે. તૈયાર થયેલ મિશ્રણને ગાળીને પંપ દ્વારા કે હાથ વડે રોગ થયેલ છોડ ઉપર છંટકાવ કરવામાં આવે છે. આ દવાની કોઈ જ આડ અસર નથી.<br><br>(નોંધ – આ પદ્ધતિનું પી.આઈ.સી. નરેન્દ્રભાઈ રાઠવાએ તા. ૨૧–૮–૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)<br><br>આ પદ્ધતિ જાતે જ ઉપયોગ કરેલ છે. ગામમાં અન્ય ઉપયોગ કરતા નથી. આ પદ્ધતિ ઉપયોગ કરવાથી રીંગણીમાં રોગ આવે છે તે નિયંત્રણમાં આવી જાય છે. આ પ્રયોગ જ્યારે પણ આવા રોગના ચિન્હ દેખાય કે તરત જ આ પદ્ધતિનો ઉપયોગ કરવાથી નિયંત્રણમાં આવી જાય છે. આ પદ્ધતિ જયારે પણ રીંગણી કરે છે ત્યારે ઉપયોગ કરે છે.<br><br>હાલમાં આ રીંગણી આ ગામમાં કોઈપણ ખેડૂત કરતા નથી અને અમે ઉપયોગ કરતા નથી.. અહી આ ગામમાં ખારા પાણીનો પટ હોવાથી મીઠુ પાણી મળવું મુશ્કેલ છે. તેથી ચોમાસા પાકમાં જ રીંગણી થાય છે અને ત્યારે જ ઉપયોગ કરીએ છીએ.<br><br>(નેપ્રાલર્ટ ડેટાબેઝ અનુસાર કુવારના સૂકા ફળ જીવાણુનાશક હોય છે. Ref: Chen C Pet al ૧૯૮૭ J Ethno Pharmacol ૨૭ (૩): ૨૮૫–૨૯૫) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | કુવાર પાઠા (Aloe vera)ના પાન |
| IPR Status | |
| Keywords | કુવાર પાઠા, Aloe vera, પાન, રીંગણ, Solanum melongena, ગરોઈ, રોગ, જૂનાગઢ |

| | | | |
|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૪૭ | Member Type | Scout |

First Name જગદીશભાઈ Middle Name એલ. Last Name વાઘેલા

Profession Designation

Address 1 એમ. આર.એસ કોલેજ દાતા. મંજીલ

Village Taluka

District State Gujarat Country

Biography

| | | | |
|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૭૪ | Member Type | Innovator |

First Name નારાયણ Middle Name વીરાભાઈ Last Name ચુડાસમા

Profession ખેતી Designation ખેડૂત

Address 1

Village મુ.શીલ Taluka માંગરોળ

District Junagadh State Gujarat Country India

Biography નારણભાઈ વીરાભાઈ ચુડાસમાંની ઉમર ૪૦ વર્ષ છે. તેઓ ૧૦ પાસ છે. પત્ની રામાબેન નારણભાઈ ચુડાસમાંની ઉમર ૩૮ વર્ષ છે. ૭ પાસ છે. તેમને બે છોકરા છે. એક છોકરો ૮માં ધોરણમાં અભ્યાસ કરે છે. બીજો છોકરો ૫માં ધોરણમાં અભ્યાસ કરે છે. માતા હયાત છે. આ વ્યક્તિને ખેતીમાં રસ છે અને હાલમાં દુકાનમાં વધારે રસ છે. એગ્રોની દુકાન છે. જેમાં જંતુનાશક દવા તથા બિયારણની દુકાન ચાલે છે. તેમના મોટાભાઈ ખેતી કામ કરે છે. જમીન ૨૮ વિઘા ચારભાઈની સંયુક્ત છે. તેમાં મગફળી વધારે થાય છે. પડતર જમીનમાં નારીયેળીનો બગીચો છે. સિંચાયનું પાણી નદીમાંથી આવે ત્યારે મળે છે તો શિયાળુ પાક ઘઉ, બાજરો થાય છે. પશુઓમાં ચાર બળદ, એક ભેંસ અને ૩ ગાય છે. આવક વધારે પડતી મગફળીના પાકમાંથી થાય છે. અને એગ્રોની દુકાનમાંથી પણ થોડી આવક થાય છે.

ગામનો પરિચય:-
ગામની વસ્તી આશરે ૧૦૦૦૦ જેટલી છે. આ ગામમાં આંગણવાડી સંસ્થા કામ કરે છે. જે ભુર્ગભુ કૂવા બનાવવાનું કામ કરે છે. વોટરસેડના કામ પણ કરે છે. આ ગામમાં સ્ટેટ બેંક આવેલી છે. પંચાયત ગામમાં છે. સરપંચ રાજાભાઈ હીરાભાઈ ભરડા છે. ગામમાં નાનું તળાવ છે. નેત્રાવંતી નદી છે. ગામમાં નારીયેળીના બગીચા છે. ગામમાં નારીયેળી, લીમડો, બાવળ, વડ, પીપળ, પીપર વગેરેના વૃક્ષો આવેલ છે. ગામમાં જમીન ભૂરી આવેલ છે. ગામમાં શિક્ષણની વ્યવસ્થા ૧થી ૭ ધોરણની પ્રાથમીક શાળા આવેલ છે અને ધોરણ ૮થી ૧૦ સુધીની માધ્યમિક શાળાની વ્યવસ્થા છે. ગામમાં મુખ્ય જ્ઞાતિ કોળી લોકોની છે. ગામમાં ૧૫૦ ઘર ભરડા, ૨૦ બામણિયા, ૫૦ ડાકી, ૨૦૦ હરિજન, ૭૦ ઘર રબારી, ૧૫૦ મુસલમાન, ૧૫ બ્રાહ્મણ, ૩ બાવા અને ૧ કુંભારનું ઘર આવેલ છે. ગામમાં આવકના સાધનોમાં ૧૦ ટ્રેકટરો, ૨૦ રીક્ષાઓ, ૨ ટ્રક છે. બીજા લોકો આ ગામમાં નાના મોટા શટલો બનાવી દુકાનો ચલાવે છે. આશરે ૧૦૦ થી ૧૧૦ દુકાનો આવેલી છે. તેમની ગામના લોકો આવક મેળવે છે.ગામમાં મુખ્ય પાક મગફળી થાય છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. પશુ દવાખાનું આવેલું છે. બસસ્ટેન્ડ છે. પંચાયત ઓફિસ આવેલ છે. ગામમાં મંદિર ચાર છે. ગામમાં પાણીની સમસ્યામાં આગાખાન સંસ્થા દ્વારા પાણીના ટાંકા બનાવ્યા છે. જે કુદરતી મકાનોમાંથી પાણી ટાંકામાં પાણી પછી પીવામાં ઉપયોગ કરે છે. આ ગામમાં દરિયા કિનારે આવેલું હોવાથી કૂવામાં ખારું પાણી આવે છે. તેથી પાણી પીવાલાયક બનતું નથી. તેની પાણી પીવાલાયક બનતું નથી. સિંચાઈમાં પણ આ પાણીનો ઉપયોગ થતો નથી. તેથી મીઠા પાણીનો આ ગામમાં સમસ્યા થાય છે. બહાર ગામથી પાણી લાવીને પીવુ પડે છે. આ ગામમાં બધા મકાનો સીટી ટાઈમ છે. ગામ થોડા ફોરવર્ડ છે. ગામમાં ધંધાદારી લોકો વધારે છે. ગામથી તાલુકાનું અંતર ૧૨ કિલોમીટર છે. જિલ્લાનું અંતર ૭૦ કિલોમીટર છે. બસ દ્વારા વાહનવ્યવહાર થતા મુસાફરી થઈ શકે છે.

| | | | |
|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૨૨ | Member Type | Verifier |

First Name નરેન્દ્રભાઈ Middle Name અજેસિંહ Last Name (રાઠવા) ચૌહાણ

Profession Designation

Address 1

Village મું. લીમડીયા, પો. કંજેટા Taluka ધાનપુર

District Dahod State Gujarat Country India

Biography